નિહાલી ગામમાં 57 દિવસમાં છઠ્ઠો દીપડો પાંજરે પુરાયો

દીપડાઓની અવરજવર વધતાં પાંજરું મૂકી રાખવા ગ્રામજનોની માંગ

મેહુલ પટેલ

અનાવલ: મહુવાના નિહાલી ગામમાં દીપડાઓનો આતંક હજુ પણ યથાવત જોવા મળી રહ્યો છે. સોમવારે વહેલી સવારે આશરે 6 વાગ્યાના અરસામાં પટેલ ફળિયા નજીક ચાર રસ્તા પર ગોઠવવામાં આવેલા પાંજરામાં એક કદાવર દીપડો આબાદ રીતે કેદ થયો હતો. અંદાજે 4 વર્ષની ઉંમર ધરાવતા આ દીપડાના પકડાવવાથી ગ્રામજનોમાં થોડો રાહતનો માહોલ સર્જાયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, નિહાલી ગામમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાઓની અવરજવર સતત વધી રહી છે. જેને ધ્યાનમાં રાખીને વન વિભાગ દ્વારા સાવચેતીરૂપે મુખ્ય માર્ગ પર પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં દીપડો પકડાતા તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવતા ટીમ ઘટના સ્થળે પહોંચી દીપડાને કબજામાં લઈ કાર્યવાહી હાથ ધરી હતી અને તેને સુરક્ષિત સ્થળે ખસેડવાની પ્રક્રિયા શરૂ કરી હતી.

વન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા 57 દિવસમાં નિહાલી ગામના એક જ વિસ્તારમાંથી આ છઠ્ઠો દીપડો પાંજરે પુરાયો છે. જોકે, દીપડાઓ પકડાયા છતાં ગ્રામજનોમાં ભય યથાવત છે. સ્થાનિકોના કહેવા મુજબ રાત્રિના સમયે હજુ પણ અન્ય દીપડાઓ વિસ્તારમાં ફરતા જોવા મળે છે. ખાસ કરીને ખેતીકામ માટે બહાર નીકળતા ખેડૂતોમાં ભયનો માહોલ છવાયેલો છે. ગ્રામજનોએ વન વિભાગ પાસે માંગ કરી છે કે આ જ સ્થળે ફરીથી પાંજરું ગોઠવવામાં આવે જેથી બાકી રહેલા દીપડાઓને પણ ઝડપથી પકડવામાં આવે.

ભરૂચ જિ.પં.માં 72.97 ટકા અને તા.પં.માં 72.92 ટકા મતદાન

નેત્રંગ તાલુકા પંચાયતમાં 84.12 ટકા, તાલુકા પંચાયતમાં સૌથી વધુ મતદાન

ભરૂચ, નેત્રંગ: ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત ભરૂચ જિલ્લામાં શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાનનો તબક્કો પૂર્ણ થયો છે. ચાર નગરપાલિકા, એક જિલ્લા પંચાયત અને નવ તાલુકા પંચાયતની ચૂંટણીમાં કાળઝાળ ગરમી વચ્ચે પણ મતદારોએ ઉત્સાહ દાખવ્યો હતો. જિલ્લા પંચાયતમાં સરેરાશ 72.97 ટકા અને તાલુકા પંચાયતમાં 72.92 ટકા મતદાન નોંધાયું છે. ભરૂચ જિલ્લા પંચાયત માટે ૩૩ બેઠક માટે કુલ 84908 મતદારમાંથી કુલ 619449 મતદાન કર્યું છે. ચારેય નગરપાલિકાના મતદાન પ્રક્રિયામાં ભરૂચ પાલિકામાં 62.21 ટકા, વોર્ડ-9માં સૌથી વધુ 71.07 ટકા, વોર્ડ-5માં સૌથી ઓછું 49.77 ટકા, અંકલેશ્વર પાલિકામાં 72.35 ટકા (વોર્ડ-5માં સૌથી વધુ 74.81 ટકા, વોર્ડ-૩માં સૌથી ઓછું 63.83 ટકા), આમોદ પાલિકામાં 81.28 ટકા, વોર્ડ-1માં સૌથી વધુ 89.20 ટકા, વોર્ડ-5માં સૌથી ઓછું 72.87 ટકા અને જંબુસર પાલિકામાં 77,40 ટકા, જેમાં વોર્ડ-7માં સૌથી વધુ 83.57 ટકા અને વોર્ડ-2માં 65.79 ટકા મતદાન થયું હતું. તાલુકા પંચાયતમાં સૌથી વધુ મતદાન નેત્રંગ તાલુકા પંચાયતમાં 84.12 ટકા થયું છે. જ્યારે સૌથી ઓછું મતદાન જંબુસર તાલુકા પંચાયતમાં 68.37 ટકા મતદાન થયું છે.

મંગળવારે સત્તાનું સુકાન કોના હાથમાં જશે એ ગણતરી બાદ બહાર આવશે.

ભરૂચ જિલ્લાની નવ તાલુકા પંચાયતમાં મતદાનની ટકાવારી

નેત્રંગ તા.પંચાયત	
મતદારો	ટકાવારી
પુરૂષ મતદારો	34377
સ્ત્રી મતદારો	34178
કુલ મતદારો	68555
પુરૂષ મતદાન	29265
સ્ત્રી મતદાન	28404
કુલ મતદાન	57669
કુલ ટકાવારી	84.12
વાગરા તા.પંચાયત	
પુરૂષ મતદારો	34883
સ્ત્રી મતદારો	33379
કુલ મતદારો	68262
પુરૂષ મતદાન	27883
સ્ત્રી મતદાન	25091
કુલ મતદાન	52974
કુલ ટકાવારી	77.6
હાંસોટ તા.પંચાયત	
પુરૂષ મતદારો	22261
સ્ત્રી મતદારો	21916
કુલ મતદારો	44177
પુરૂષ મતદાન	18138
સ્ત્રી મતદાન	16770
કુલ મતદાન	34908
કુલ ટકાવારી	79.06
વાલિયા તા.પંચાયત	
પુરૂષ મતદારો	31280
સ્ત્રી મતદારો	31055
કુલ મતદારો	62335
પુરૂષ મતદાન	26099
સ્ત્રી મતદાન	24896
કુલ મતદાન	60995
કુલ ટકાવારી	81.81
અંકલેશ્વર તા.પંચાયત	
પુરૂષ મતદારો	63287
સ્ત્રી મતદારો	58996
કુલ મતદારો	122283
પુરૂષ મતદાન	44137
સ્ત્રી મતદાન	39493
કુલ મતદાન	83630
કુલ ટકાવારી	68.39
ઝઘડિયા તા.પંચાયત	
પુરૂષ મતદારો	53879
સ્ત્રી મતદારો	53241
કુલ મતદારો	107120
પુરૂષ મતદાન	44976
સ્ત્રી મતદાન	42212
કુલ મતદાન	87188
કુલ ટકાવારી	81.39
જંબુસર તા.પંચાયત	
પુરૂષ મતદારો	62819
સ્ત્રી મતદારો	56932
કુલ મતદારો	119751
પુરૂષ મતદાન	43969
સ્ત્રી મતદાન	37901
કુલ મતદાન	81970
કુલ ટકાવારી	68.37
ભરૂચ તા.પંચાયત	
પુરૂષ મતદારો	95940
સ્ત્રી મતદારો	90974
કુલ મતદારો	186914
પુરૂષ મતદાન	62433
સ્ત્રી મતદાન	55998
કુલ મતદાન	118431
કુલ ટકાવારી	74.03
આમોદ તા.પંચાયત	
પુરૂષ મતદારો	31177
સ્ત્રી મતદારો	28990
કુલ મતદારો	60167
પુરૂષ મતદાન	23563
સ્ત્રી મતદાન	20976
કુલ મતદાન	44539
કુલ ટકાવારી	74.03

અંકલેશ્વરમાં મતદાન પૂર્ણ થયા બાદ ઈવીએમ મશીનો સુરક્ષિત રીતે સ્ટ્રોંગ રૂમમાં જમા

અંકલેશ્વર: અંકલેશ્વર ખાતે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગરપાલિકા ચૂંટણીનું મતદાન ગત રોજ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયું હતું. મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ચૂંટણી તંત્ર દ્વારા ઈવીએમ મશીનો સહિતની તમામ ચૂંટણી સામગ્રીને કડક સુરક્ષા વચ્ચે સ્ટ્રોંગ રૂમ સુધી પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સાંજે મતદાન પૂર્ણ થતાં જ દરેક મતદાન મથક પર પ્રિસાઈડિંગ ઓફિસર દ્વારા ઉમેદવારોના એજન્ટોની હાજરીમાં જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. ઉમેદવારોના પ્રતિનિધિઓની સહી મેળવ્યા બાદ ઈવીએમ મશીનોને વિશેષ પેપર સીલથી સીલ કરવામાં આવ્યાં હતાં. બાદ પોલીસ બંદોબસ્ત વચ્ચે ઈવીએમ મશીનો અને ચૂંટણી સામગ્રીને રિસિવિંગ સેન્ટર સુધી સુરક્ષિત રીતે ખસેડવામાં આવી હતી. નગરપાલિકા ચૂંટણીનાં ઈવીએમ મશીનોને આદર્શ હાઈસ્કૂલ ખાતે બનાવાયેલા સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા છે, જ્યારે જિલ્લા અને તાલુકા પંચાયત ચૂંટણીના ઈવીએમ મશીનો જીનવાલા હાઈસ્કૂલ સ્થિત રિસિવિંગ સ્ટ્રોંગ રૂમ ખાતે ડીસ્પેચ કરવામાં આવ્યા હતા. કાલે મતગણતરી હાથ ધરવામાં આવનાર હોવાથી રાજકીય પક્ષો અને ઉમેદવારોમાં આતુરતા જોવા મળી રહી છે.

EVM લઈ આવતી બસ અને રિક્ષા વચ્ચે અકસ્માત, એક ઘાયલ

અંકલેશ્વર: વાલિયા રૂટ નં.10ની બસમાં ચૂંટણી સ્ટાફ તેમજ ઈવીએમ મશીનો લઈ જવાઈ રહ્યાં હતાં. દરમિયાન બસ અને રિક્ષા વચ્ચે અચાનક જોરદાર ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં રિક્ષા ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત ચાલકને તાત્કાલિક નજીકની હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ બસમાં સવાર ચૂંટણી સ્ટાફ તેમજ ઈવીએમ મશીનો સંપૂર્ણ રીતે સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

અંકલેશ્વરના ભડકોદ્રા નજીક કાર ગટરમાં ખાબકી

પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વરના ભડકોદ્રા ગામ નજીક આવેલા આદિત્ય નગર સોસાયટી સામે સોમવારે માર્ગ અકસ્માતની ઘટના સર્જાઈ હતી. અંકલેશ્વર-વાલિયા રોડ પરથી પસાર થતી એક ઇકો કાર અચાનક નિયંત્રણ ગુમાવતા રસ્તા બાજુ આવેલી ગટરમાં ખાબકી ગઈ હતી. અકસ્માતમાં કારમાં સવાર ચાર લોકોને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને બહાર કાઢી સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. વાહનચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. ઈજાગ્રસ્તો નેત્રંગ સાગબારાના રહીશો હોવાનું જાણવા મળ્યું હતું.

નાનીચેર ગામે પ્રેમસંબંધમાં તિરાડ પડતાં યુવતીનો ઝેરી દવા પી આપઘાત

માંડવી: માંડવીના નાનીચેર ગામના તળાવ ફળિયામાં રહેતા અને ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા ગીરીશભાઇ મગનભાઇ ચૌધરીની 22 વર્ષીય પુત્રી શ્રુતિએ ગત તા.૨૫મી એપ્રિલના રોજ સાંજના 5:30 વાગ્યાના સુમારે પોતાના ઘરની પાછળ પજારીના ભાગે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં ખૂલેલી વિગતો મુજબ મૃતક શ્રુતિને કણજા ગામે રહેતા સાગરભાઇ મિતુલભાઈ ચૌધરી નામના યુવક સાથે પ્રેમસંબંધ હતો. જોકે , આ સંબંધ આગળ ચાલુ રાખવા બાબતે તાજેતરમાં બંને વચ્ચે કોઇક મુદ્દે ગંભીર મતભેદ ઊભા થયા હતા. આ બાબતનો શ્રુતિબેનને ભારે માનસિક આઘાત લાગ્યો હતો. જેના પગલે મનોમન મુંઝાતી આ યુવતીએ અંતે જિંદગીનો અંત આણવાનું આત્યંતિક પગલું ભરી લીધું હોવાની પ્રબળ શક્યતા સેવાઈ રહી છે. યુવતીએ ઝેરી દવા પી લીધી હોવાની જાણ પરિવારજનોને થતાં જ ભારે દોડધામ મચી ગઈ હતી. તેઓએ તાત્કાલિક ધોરણે શ્રુતિબેનને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડી હતી. જો કે, બીજા દિવસે સારવાર દરમિયાન શ્રુતિબેનનું કમનસીબ મૃત્યુ થયું હતું.

અંકલેશ્વરની સાઈ વાટિકા સોસાયટીમાં ગેરવહીવટ મુદ્દે કલેક્ટરને આવેદન

સુરેશ ગાંધી

ભરૂચ, અંકલેશ્વર: અંકલેશ્વરસ્થિત સાઈ વાટિકા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં ભેગા થઈ કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યું હતું. રહીશોએ સોસાયટીમાં ચાલતા ગેરકાયદે વહીવટ, પાણી પુરવઠો બંધ કરવાનો મુદ્દો તેમજ રહેવાસીઓને થતી માનસિક હેરાનગતિ અંગે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. રજૂઆત મુજબ સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે સોસાયટીમાં એક વ્યક્તિ ગેરરીતે ચેરમેન તરીકે કાર્ય કરી રહ્યો છે અને સોસાયટીના નિયમો તથા કાયદાકીય પ્રક્રિયાનો ભંગ કરી મનમાની રીતે સંચાલન કરી રહ્યો છે. ઉપરાંત છેલ્લા કેટલાક દિવસોથી રહીશોના પાણી પુરવઠા પર અસર પડી હોવાનું જણાવાયું છે, જેના કારણે અનેક પરિવારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રહીશોના જણાવ્યા મુજબ થોડા લોકોને છોડી અન્ય રહીશોને મૂળભૂત સુવિધાઓથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. સાથે જ ગેરરીતે મેઇન્ટેનન્સ વસૂલાત, નાણાકીય ગેરરીતિ અને ધમકીઓ આપવાના મુદ્દાઓ પણ આવેદનપત્રમાં ઉલ્લેખાયા છે. આ મામલે રહીશોએ જિલ્લા પ્રશાસનને તાત્કાલિક તપાસ હાથ ધરવાની, ગેરરીતિ સત્તા સંભાળનાર વ્યક્તિને દૂર કરવાની, પાણી પુરવઠો પુન: શરૂ કરાવવાની અને સોસાયટીના નાણાકીય હિસાબોની ઓડિટ કરવાની માંગ કરી છે. તેમજ ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સંકળાયેલા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માંગણી કરવામાં આવી છે. રહીશોએ જણાવ્યું છે કે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો તેઓ આંદોલનાત્મક કાર્યક્રમો હાથ ધરશે.

ભરૂચની હોસ્પિ.માં બાળકીના મોત મુદ્દે વિવાદ

ભરૂચ: ભરૂચ શહેરની આર.કે.કાસ્ટ વિસ્તારમાં આવેલી એક ચાઇલ્ડ કેર હોસ્પિટલમાં સારવાર દરમિયાન 8 મહિનાની બાળકીના મોતની ઘટનાએ ચકચાર મચાવી છે. વેજલપુર વિસ્તારમાં રહેતા વિવેક માછીની પુત્રીને તાવ આવતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન પરિસ્થિતિ બગડતાં પરિવારજનોએ તબીબી બેદરકારીના આક્ષેપો કર્યા છે. પરિવારના જણાવ્યા મુજબ સવારે બાળકીને અચાનક ખેંચ આવતાં તાત્કાલિક વડોદરા અથવા સુરત ખસેડવાની સલાહ આપવામાં આવી હતી. મુખ્ય તબીબ બપોરે હાજર થયા બાદ એમ્બ્યુલન્સ દ્વારા રિફર કરવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. પરિવારજનોએ આક્ષેપ કર્યો કે તેમણે એસી સુવિધાવાળી ગાડી અને 12 હજારની માંગણી કરી હતી. પરિવારજનો આ માંગણી માટે તૈયાર થયા હોવા છતાં એમ્બ્યુલન્સ પહોંચ્યા બાદ ડોક્ટરે ઓક્સિજન પ્લગ ન હોવા સહિતનાં કારણો દર્શાવી સાથે જવાનું ટાળ્યું હતું. અંતે તબિયત લથડતાં વધુ બગડી ગઈ હતી. અંતે પરિવારજનો બાળકીને ફરી હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવી હતી.

બારડોલી અને પલસાણામાં કૃષિ દવા વિક્રેતાઓની હડતાળ

સુરત જિલ્લામાં ૪૫૦થી વધુ દુકાન બંધ રહેતાં વેપાર પર અસર

ઈલ્યાસ શેખ

બારડોલી, પલસાણા: સુરત જિલ્લાના કૃષિ દવા વિક્રેતાઓ આજે સોમવાર, ૨૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને એક દિવસીય રાજ્યવ્યાપી હડતાળ પર ઉતર્યા હતા. આ આંદોલનને પગલે બારડોલી અને પલસાણા વિસ્તારમાં ખાતર, બિયારણ અને દવાનું વેચાણ કરતા વેપારીઓએ પોતાની દુકાનો સંપૂર્ણપણે બંધ રાખીને સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો.

ઓલ ઇન્ડિયા એગ્રો દ્વારા કરવામાં આવેલી જાહેરાત અને ત્યારબાદ સુરત જિલ્લા એગ્રો ઇનપુટ એસોસિએશનના આહવાનને પ્રતિસાદ આપતા વેપારીઓએ આ પ્રતિકાત્મક હડતાળમાં જોડાવવાનો નિર્ણય લીધો હતો. આ એક દિવસીય વિરોધમાં બારડોલી અને પલસાણા વિસ્તારની અંદાજે ૪૫ દુકાન અને સમગ્ર સુરત જિલ્લાની ૪૫૦થી વધુ કૃષિ દવાઓની દુકાનોના સંચાલકોએ સહભાગી થઈને એકતાનું પ્રદર્શન કર્યું હતું. દુકાનો બંધ રહેવાને કારણે ખેડૂતોને આજે ખાતર, બિયારણ અને દવા જેવી આવશ્યક ચીજવસ્તુઓ મેળવવામાં થોડા સમય માટે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વેપારીઓનું કહેવું છે કે સરકાર સમક્ષ પોતાની વાજબી માંગણીઓ રજૂ કરવા માટે આ પગલું અનિવાર્ય બન્યું હતું. હાલમાં આ હડતાળ માત્ર એક દિવસ માટે પ્રતિકાત્મક રીતે રાખવામાં આવી છે, પરંતુ જો સરકાર દ્વારા માંગણીઓ અંગે યોગ્ય નિવારણ લાવવામાં નહીં આવે તો આગામી સમયમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ વેપારી સંગઠનો દ્વારા આપવામાં આવી છે. આજરોજ બારડોલી તાલુકાના મુખ્ય બજારોમાં કૃષિ દવાઓની દુકાનો બંધ રહેતા બજારમાં સામાન્ય દિવસોની સરખામણીએ શાંતિપૂર્ણ માહોલ જોવા મળ્યો હતો. વેપારીઓની આ એકતા અને વિરોધ પ્રદર્શન હવે સરકારના આગામી પ્રતિભાવ પર નિર્ભર કરે છે.

તડકેશ્વરમાં બંધ મકાનનું તાળું તોડી 32 તોલા દાગીનાની ચોરી

રૂ.8.20 લાખના સોનાના દાગીના અને રોકડાની ચોરી થતાં પોલીસ ફરિયાદ

હિતેશ પટેલ

માંડવી: અરેઠ તાલુકા હેઠળ આવતા તડકેશ્વર ગામે રોડ ફળિયા વિસ્તારમાં એક રહેણાક મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો 32 તોલા સોનું અને એક લાખ રોકડા ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ બનાવને પગલે લોકોમાં ગભરાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર તડકેશ્વર ગામમાં કીમ-માંડવી મેઈન રોડ પર આવેલા રોડ ફળિયામાં રહેતા ઈલ્યાસ ઈસ્માઈલ કારા (ઉ.વ.53) ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.25/4/2026ના રોજ રાત્રે 8 કલાકથી તા.26/04/2026ના સવારના 11:15 કલાકના સમયગાળા દરમિયાન ઈલ્યાસભાઈનું મકાન બંધ હતું. ત્યારે તસ્કરોએ તકનો લાભ ઉઠાવ્યો હતો. મકાનના ઉપરના માળે મુખ્ય દરવાજાનું તાળું નકૂચા સાથે તોડી અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશ કર્યો હતો. બાદ તસ્કરોએ બેડરૂમમાં રાખેલી લોખંડની તિજોરીને નિશાન બનાવી હતી. તિજોરીના નીચેના ભાગે આવેલા ત્રણ લોકરનાં ખાનાં તોડી તેમાં સુરક્ષિત રાખેલા સોનાના વિવિધ દાગીના, જેની અંદાજિત કિં. રૂ.7,20,000ની ચોરી કરી હતી.

ઉપરાંત તિજોરીમાં રાખેલા રૂ.1,00,000 રોકડાનો પણ તસ્કરોએ હાથફેરો કર્યો હતો. આમ, સોનાના દાગીના અને રોકડ મળી કુલ રૂ.8,20,000ની મત્તાની ચોરી કરી તસ્કરો અંધારામાં ગાયબ થઈ ગયા હતા. આ ઘટના અંગે તા.27/04/2026 ના રોજ જાણ થતા પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. તડકેશ્વર પોલીસે આ મામલે ગુનો દાખલ કર્યો છે.

હાલમાં પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એચ.સોલંકી દ્વારા આ કેસની સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. રહેણાક વિસ્તારમાં થયેલી આ ચોરીને પગલે સ્થાનિક રહીશોમાં ભય અને સુરક્ષા અંગે ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઉતાવળી ગામે લગ્નમાં જતા બે મિત્રને અકસ્માત, એકનું મોત

બાઇક પર જતા મિત્રોને કારચાલકે અડફેટે લીધા, અકસ્માત બાદ ચાલક ફરાર થઈ ગયો

રાજપીપળા: તિલકવાડા તાલુકાના ઉતાવળી ગામ પાસે કોલેજના મિત્રના પરિવારના લગ્નપ્રસંગમાં હાજરી આપવા જઈ રહેલા બે મિત્રની બાઈકને એક પૂરઝડપે આવતી ફોર વ્હીલ ગાડીએ ટક્કર મારતાં આશાસ્પદ યુવાનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

છોટા ઉદેપુરના સંખેડાના માંજરોલ અલકાપુરી ખાતે રહેતા શકીલ સિરાજભાઈ સંધીએ તિલકવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. શકીલ તેના મિત્ર અને મોટરસાઈકલ ચાલક રાજ વિજયભાઈ નાગર (રહે.,માંજરોલ) સાથે બાઈક નંબર GJ-34-M-7295 પર સવાર થઈ ડભોઈથી ઉતાવળી ગામે જઈ રહ્યા હતા. તેઓ ત્યાં તેમની સાથે કોલેજમાં અભ્યાસ કરતા મિત્રના ભાઈના લગ્ન પ્રસંગમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. બપોરના સમયે જ્યારે તેઓ ઉતાવળી ચોકડી પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તિલકવાડા તરફથી આવતી એક ફોર વ્હીલ ગાડી નં.(GJ-06-FC-2224)ના ચાલકે પોતાની ગાડી અત્યંત પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી હતી. ચાલકે વજેરીયા તરફના રોડ પર ગાડી વળાવતા સામેથી આવતી રાજની મોટરસાઈકલને જોરદાર ટક્કર મારી હતી.આ અકસ્માતમાં રાજ નાગરને માથાના પાછળના ભાગે તેમજ બંને પગે અને શરીરે ગંભીર ઈજા પહોંચતાં તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેસેલા શકીલને હાથે અને છાતીના ભાગે ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ ફોર વ્હીલ ગાડીનો ચાલક વાહન છોડી અથવા સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

મતદાન કેન્દ્ર ખાલી: જામણીયા ગામના લોકોએ મત ન આપ્યા

ગામમાં પીવાના પાણી, આરોગ્ય, વીજળી અને સ્મશાન જેવી મૂળભૂત સુવિધાનો અભાવ



ભરૂચ: વાલિયાના જામણીયા ગામે પ્રાથમિક સુવિધાઓના અભાવે ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. ગ્રામજનોએ 'વિકાસ નહીં તો મત નહીં'નો નારો ગુંજાવતાં આખું મતદાન મથક ખાલી રહ્યું હતું.

ગ્રામજનોના જણાવ્યા મુજબ વર્ષ-1994માં બનેલો લગભગ 3 કિલોમીટરનો આ રસ્તો 2006 પછી ક્યારેય મરામત થયો નથી. ચોમાસામાં રસ્તો સંપૂર્ણ ખરાબ થતાં ગામ સંપર્કવિહોણું બની જાય છે અને લોકોએ જાતે ખાડા પૂરવા પડે છે. માત્ર રસ્તા જ નહીં, ગામમાં પીવાના પાણી, આરોગ્ય, વીજળી અને સ્મશાન જેવી મૂળભૂત સુવિધાઓનો પણ અભાવ છે. વપરિણામે 26 એપ્રિલે યોજાયેલા મતદાન દરમિયાન જામણીયા ગામના મતદાન કેન્દ્ર પર એકપણ વ્યક્તિએ મતદાન કર્યું ન હતું.

સ્થાનિક સૂત્રોએ જણાવ્યું કે, "બૂથ પર જઈને તપાસ કરતાં જાણવા મળ્યું કે કોઈ મતદાન કરવા આવ્યું ન હતું."

પુલના કામથી ખુશ થઈ વાલિયાના કેસર ગામના લોકોએ મતદાન કર્યું

વાલિયાનું કેસરના લોકોએ લગભગ પાંચ વર્ષ પહેલાં ચૂંટણી મતદાન બહિષ્કાર કરતાં હવે તંત્રની ઊંઘ ઊડતાં નદી પર પુલ બનાવવાની કામગીરી શરૂ કરી છે. અંદાજે 600 લોકો ચોમાસાના ચાર મહિના દરમિયાન નદીને કારણે વ્યવહાર કટઅપ થઇ જતો હતો. માત્ર 400 મીટરના અંતરે આવેલા ઇટકલા ગામ સુધી પહોંચવા માટે છેક 20 કિલોમીટરનો વળતો રસ્તો કાપવો પડતો હતો. જેને લઈ કફોડી હાલત થઇ જતી હતી. ગામલોકોએ 2021ની તાલુકા પંચાયત ચૂંટણીથી મતદાનનો બહિષ્કાર શરૂ કર્યો હતો. જો કે, વર્ષ-2026માં કેસર-ઇટકલા પુલ બનાવવાનું કામ શરૂ થતાં ગ્રામજનોએ મત આપ્યા હતા.

કોસમડીમાં અકસ્માત થતાં બાળકનું મોત

અંકલેશ્વર: કોસમડીમાં જય પ્રભુફાર્મ પાસે ટેમ્પો ઝાડ સાથે અથડાતાં દીપક ચોરશિયા, કંચન ચોરશિયા અને કુંજ દીપક ચોરશિયાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતા, જ્યાં સારવાર દરમ્યાન અઢી વર્ષના બાળક કુંજ ચોરસિયાનું મોત નીપજ્યું હતું.

Milano MULTIPLEX
બારડોલી
Bhooth Bangla
11:00am, 01:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 10:00pm
Dhurandhar The Revenge
02:00pm, 08:00pm
Behrupiyo-Gujarati
07:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)
IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ.નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૫૧૮૭૫૧૩૨	હોમ લોન	૧. અવિનાશ સાધુસરણ શ્રીવાસ્તવ ૨. સવિતા અવિનાશ શ્રીવાસ્તવ	૧૭.૦૪.૨૦૨૬	રૂ.૧૧,૬૭,૪૨૮.૪૮

મિલકત સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે રોયલ રેસીડન્સી ના ઘર નં.૯૧ માપ ૬૪.૨૦ ચો.મી., રોડ અને સીઓપી ની જમીનના ૧૯.૨૬ ચો.મી વણવહેચેલા હિસ્સા સહિત કુલ માપ ૮૩.૭૬ ચો.મી. ભોયતળીયાના ૬૦.૨૨ ચો.મી ના બાધંકામ સહિત બ્લોક / સર્વે નં. ૭૨૯ (જુનો બ્લોક , સર્વે નં. ૪૮) મોજે ગામ જીતાલી, તાલુકા અંકલેશ્વર જીલ્લા ભરૂચ, ગુજરાત-૩૯૩૦૦૧ ખાતે આવેલ છે.**જેની ચર્તુદિશા : પૂર્વ તરફ :** ઘર નં. ૯૦, **પશ્ચિમ તરફ :** સોસાયટી ની કમ્પાઉન્ડ દિવાલ ,**ઉત્તર તરફ :** સોસાયટી નો આંતરીક રોડ,**દક્ષિણ તરફ :** ઘર ન. ૬૬ આવેલ છે.

આથી તમને **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૨૮.૦૪.૨૦૨૬
સ્થળ : ભરૂચ,ગુજરાત